ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૪ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૧ ટકા
ગાંધીનગર તાપમાન

ફુલોના ભાવમાં ૨૫ ટકાનો વધારો, છતા વેપારમાં તેજી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં દિવાળીનો માહોલ બરાબરનો જામ્યો છે. શહેરના બજારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. કોરોના મહામારી બાદ પ્રથમવાર નગરજનો બજારમાં ફરીને ખરીદી કરતા જોવા મળ્યા છે. ત્યારે દિવાળીના દિવસોમાં શહેરમાં ધાર્મિક વાતાવરણ જામ્યું છે. ત્યારે દિપાવલીના પર્વમાં ધનતેરસની પૂજાનું વિશેષ મહત્વ હોય છે. જેથી શહેરમાં ફુલોના બજારમાં ૨૫ જેટલો ભાવ વધારો હોવા છતા નગરમાં ફુલોના વેપારમાં ભારે તેજી જોવા મળી છે. નગરજનો પૂજા-અર્ચના માટે ફુલોના વેપારી પાસેથી ગલગોટા તેમજ ગુલાબના હારની ખરીદી કરતા નજરે પડ્યા હતા.

રાજયમાં દિવાળીના તહેવાની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. છેલ્લા કેટલાક દિવસોથી બજારમાં ઘરાકી ખુલતા વેપારીઓ પણ મુડમાં જણાયા હતા. કોરોના મહામારીમાં વેપાર-ધંધા પડી ભાગ્યા હતા. ત્યારે દિવાળી દિવસોમાં બજારોમાં ભારે તેજી જોવા મળી રહી છે. ત્યારે દરેક ચીજવસ્તુઓના ભાવમાં તોંતિગ વધારો થવા પામ્યો છે. ત્યારે

તહેવારમાં પણ દેવી-દેવતાઓનું પૂજાનું વિશેષ મહત્વ હોવાથી ફુલ બજારમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. ફુલોના ભાવમાં ૨૫ ટકાથી વધુનો ભાવ વધારો છે. તેમ છતા ફુલોની લારીઓ તેમજ દુકાનોમાં ખરીદી માટે નાગરીકો ઉમટી પડ્યા હતા. ધનતેરસના દિવસે પુજા હોવાથી લાખો રૂપીયાના ફુલહારનો વેપાર થયો હતો. ગુલાબ, ગલગોટા, લીલી, પારસ ફુલ, કમળ સહિતના ફુલોની બોલબાલા હતી. જયારે બજારમાં ગુલાબના ફુલ ૧ કિલોના રૂ, ૪૦૦ થી ૫૦૦, ગલગોટા ૧ કિલોના રૂ. ૮૦ થી ૧૦૦, લીલી સફેદ ફુલ રૂ.૩૦ ની નાની જુડી, પારસફુલ ૧ કિલોના રૂ.૭૦૦ થી ૮૦૦, કમળ-૧ નંગના રૂ.૫૦ વેચાણ થયુ હતું. જયારે આ વર્ષે પૂજા માટે ખાસ પેકેજ રૂ.૬૦ કે ૭૦ માં તૈયાર કરાયું હતું. જેમાં પૂજાની મોટાભાગની તમામ સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

જન્મદિને વધામણી



ડો. કનુભાઈ ઠક્કર
પૂર્વ પ્રમુખ (IMA)
ગાંધીનગર

જસજિતસિંહ પ્રેમલસિંહ ગોલ

સંકેત પોપટ
ફોટોગ્રાફર



અનેરી
રાજેશકુમાર દુલારા
મો. ૭૨૨૬૯ ૫૩૫૬૦



દિવાકર હરુભા ધાંધલ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

અવ્યાન રવિરાજસિંહ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૭૨૮૨૬

પૂજન ડાન્સ દ્વારા બાળકો માટે અંગ્રેજી વિષયના કલાસીસ યોજાયા

કોરોના મહામારીને પગલે બાળકોના અભ્યાસ પર વિપરીત અસર પડી છે. તેમાં પણ સરકારી શાળાના બાળકો પાસે સ્માર્ટ ફોન ન હોવાથી તેઓના અભ્યાસમાં ઉણપ રહી જાય છે. ત્યારે શહેરની સંસ્થા પૂજન ડાન્સ દ્વારા સરકારી શાળા સેકટર-૮ ખાતે બે માસ માટે બાળકોને ફ્રી અંગેજી વિષયની ટ્રેનીંગ આપવામાં આવી હતી.

ત્યારે શહેરમાં એકસ્ટ્રા એકેડમીક એકટીવીટી અંતર્ગત પૂજન

ફાઉન્ડેશનના પ્રજ્ઞા ગજજર દ્વારા બાળકોને સે-૮ ની સરકારી શાળામાં અંગ્રેજી શીખવવાના વર્ગો શરુ કરવામાં આવ્યા હતા. છેલ્લા બે માસથી કોમલસિંગ દ્વારા બાળકોને અંગ્રેજી વિષયની ટ્રેનીંગ આપવામાં આવી હતી. બાળકોમાં આત્મવિશ્વાસ વધે તે માટે ખાસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે તમન્ના રાઠોડ, અવની રાવલ, ઉપસ્થિત રહ્યા હતા.વિજેતા બાળકોને ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા.આ પ્રસંગે ખાસ ડાન્સનું પણ આયોજન કરાયું હતું. જેથી બાળકો મનમુકીને નાચ્યા હતા. જયારે આગામી સમયમાં ગણિત, જનરલ નોલેજ, તેમજ ડાન્સના ફ્રી વર્ગો શરુ કરવામાં આવશે. શહેરની બીજી સરકારી શાળા ખાતે પણ આ પ્રોજેકટ શરુ કરવામાં આવશે. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય મીનલબેને આભારવિધી કરી હતી. જયારે પૂજન ડાન્સની ટીમે પણ હાજર રહીને બાળકોના ઉત્સાહમાં વધાર્યો કર્યોહતો.

રાષ્ટ્રીય મુસ્લિમ સેનાના પ્રદેશ અધ્યક્ષ તરીકે મોહંમદ ઈસ્માઈલ પઠાણની વરણી

ગાંધીનગર, તા.૨

રાષ્ટ્રીય મુસ્લિમ સેના ના મુખ્ય સંરક્ષક શાહીદ સિદ્દીકીની મંજુરીથી રાષ્ટ્રીય

અધ્યક્ષ અલતાફ મેમન દ્વારા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરીકે મોહંમદ ઈસ્માઈલ પઠાણની પુનઃનિયુક્તિ કરવામાં આવી છે. રાષ્ટ્રીય મુસ્લિમ સેનાના પ્રદેશ અધ્યક્ષ તરીકે વરણી થતા પરિવારજનો, મિત્ર વર્તુળ તેમજ પેથાપુરવાસીઓ આનંદની લાગણી અનુભવે છે. સમગ્ર ભારતના દરેક રાજયમાં આ સામાજીક સંગઠન પ્રતિનિધિ ધરાવે છે. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ સરકારી યોજનાઓનો લાભ સમાજના દરેક વ્યકિતને મળે તે માટે મદદરૂપ થવાનો છે. જેમાં દરેક સમાજના નાગરીકો જોડાઈને દેશના વિકાસ માટે સહભાગી થવાનો છે.

જલારામ માહિલા મંડળ દ્વારા દિવાળી નિમિત્તે શહેરના જરૂરિયાતમંદોને બુંદી ગાંઠિયાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા એકત્રિત કરેલ ઈ-વેસ્ટની વાન ફલેગ ઓફ કરાઈ

ગાંધીનગર, તા.૨

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે ઈ-વેસ્ટ કલેકશન અભિયાન ચલાવવામાં આવે છે. આ વર્ષે પણ ઈ-કોલી વેસ્ટ મેં.પ્રા.લી. ના સહયોગ થી તારીખ ૨૪/૧૦/૨૦૨૧ થી ૩૧/૧૦/૨૦૨૧ સુધી ઈ-વેસ્ટ કલેક્શન અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં આપણા ઘરમાં બિન ઉપયોગી સાધનો જેવા કે જુના ટીવી, જુના ટેપરેકોર્ડર, ફેક્સ મશીન, બગડેલા મોબાઈલ, કોમ્પ્યુટર, પ્રિન્ટર, એસી, સ્પીકર જેવી ઈલેક્ટ્રોનિક વસ્તુઓનો યોગ્ય નિકાલ કરવો ખુબજ જરૂરી છે. આવો કચરો પર્યાવરણને નુકશાન કરતો હોય છે. સરકાર માન્ય ઈ-વેસ્ટ કલેક્શન કરતી એજન્સી આ કચરાને લે છે અને તેનું યોગ્ય વળતર પણ સ્થળ પર જ આપે છે. આ અભિયાનમાં ગાંધીનગરની જાણીતી સંસ્થા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના, આત્મન ફાઉન્ડેશન ગાંધીનગર, જ્યોતિ મહિલા મંડળ-ગાંધીનગર, નેચર ફર્સ્ટ, ગાંધીનગર, રોટરી ક્લબ ઓફ કેપિટલ-ગાંધીનગર, જે.એસ.જી.- સંગીની ફોરમ-ગાંધીનગર, ઉમિયા માતાજી સંસ્થાન જેવી સંસ્થાઓએ પણ સહયોગ આપ્યો હતો ગાંધીનગરના નાગરીકોએ મોટા પ્રમાણમાં ઈ-વેસ્ટ જમા કરાવ્યો હતો. આ એકત્રિત થયેલ ઈ-વેસ્ટની વાન ફલેગ ઓફ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૯૮૭ કિલો જેટલો ઈ-વેસ્ટ ગાંધીનગરના પર્યાવરણ પ્રેમી નાગરિકોએ જમા કરાવ્યો હતો. આ ઈ-વેસ્ટ વાનને ફલેગ ઓફ કરવા માટેનો કાર્યક્રમ યોજાયો જેમાં જી.સી.આર.ટી ગાંધીનગરના વિજયભાઈ પટેલ, ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ કંપનીના યશભાઈ બોરીશા અને નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. વિજયભાઈ પટેલ દ્વારા ઈ-વેસ્ટ વાનને લીલી ઝંડી આપવામાં આવી હતી.

રાધે રાધે પરિવારે સોમનાથ ખાતે ૧૫૫૧ ફુટ લાંબો રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો

સરદાર જયંતિ 'રાષ્ટ્રીય એકતા દિવસે' ગાંધીનગરના યુવાનો અને બાળકોએ અનોખી ઉજવણી કરી : પ્રભાસ પાટણના નવનિર્મિત વૉક વે પર યોજાઈ શોર્ય મહાયાત્રા

ગાંધીનગર, તા.૨

આજ રોજ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ પ્રભાસ પાટણના આંગણે સોમનાથના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત ગત તા.૩૧મી ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની જન્મજયંતિ નિમિત્તે ૧૫૫૧ ફૂટ લંબાઈ અને ૧૦ ફૂટ પહોળાઈ ધરાવતા વિશાળ રાષ્ટ્રધ્વજ સાથે શોર્ય મહાયાત્રા યોજાઈ હતી.

ગાંધીનગરના રાધે રાધે પરીવાર અને સરગાસણની વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના ૩૦૦થી વધુ બાળકો અને સોમનાથ ટ્રસ્ટના સહયોગથી મંદિર પાછળના વોક વે પર આ શૌર્ય મહાયાત્રા યોજવામાં આવી હતી. આજના યુવાનોમાં સોમનાથના ઈતિહાસ અને દેશભક્તિ ઉજાગર થાય એવા અલગ અલગ સંદેશા સાથે રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શૌર્ય મહાયાત્રાનો પ્રારંભ શિવ કથાકાર પૂ. ગીરીબાપુ, સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા અને અન્ય ટ્રસ્ટીગણ અને સ્થાનિક પોલીસ અધિકારી દ્વારા લીલી ઝંડી દેખાડી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. શોર્ય મહાયાત્રા પૂર્ણ થયા બાદ વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકો દ્વારા સોમનાથ ટ્રસ્ટના ટીએફસી હોલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે શિવ તાંડવ, ગણેશ વંદના, દોહા જેવી પ્રવૃતિઓ કરવામાં આવી હતી. આ પછી ટ્રસ્ટ તરફથી દરેક બાળકોને સોમનાથ દાદાનો પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો અને આ સાથે રાધે રાધે પરીવાર દ્વારા સોમનાથ દાદાને ધ્વજા આરોહણ કરવાનો કાર્યક્રમ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરી રાષ્ટ્રીય એકતા દિવસની અદ્ભુત અને યાદગાર એક સોમનાથમાં ગાંધીનગરના બાળકોએ ઈતિહાસ રચી આજના યુવાનો જે દેશ ભક્તિનો સંદેશો પૂરો પાડ્યો છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગાંધીનગરના રાધે રાધે પરિવાર ગ્રુપ અને વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં આર સી સેલ્સના રાકેશભાઈ પ્રજાપતિનો સહકાર મળ્યો હતો.

ગુરૂકૃપા ફાઉન્ડેશન દ્વારા ગરીબ પરિવારોને દિવાળી નિમિત્તે કપડાં અને મીઠાઈ વિતરણ

ગાંધીનગર, તા.૨

દિવાળી નિમિત્તે ગરીબ શ્રમજીવી પરિવારના લોકોના ચહેરા ઉપર ખુશી લાવવા માટે આ વખતે નવા કપડાં અને મીઠાઈ વિતરણ કરવામાં આવ્યું હતુ આપણે તો આપણી દરેક દિવાળી માં નવા કપડાં અને મીઠાઈ લાવતા હોય છે પણ અત્યારે આ મહામારીમાં નોકરી ધંધાના ફાંફા છે ત્યારે આ લોકોને પણ ખુશી આપવા ગુરૂકૃપા ફાઉન્ડેશન તરફથી નવી પહેલ કરવામાં આવી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. દેવીપુજક રણછોડભાઈ લક્ષ્મણભાઈ, ઉ.વ. ૭૯, સે-૨૪, ઈન્દિરાનગર
- સ્વ. ડાભી લક્ષ્મણસિંહ બેચરજી, ઉ.વ. ૭૫, સે-૧૩
- સ્વ. પટેલ ભોળાભાઈ ગોપાલદાસ, ઉ.વ. ૯૦, રણછોડપુરા, માણસા
- સ્વ. પરમાર શંકરલાલ પશાભાઈ, સેકટર-૩

ભારત સેવા કેન્દ્ર દ્વારા ગરીબ બાળકોને મીઠાઈનું વિતરણ

તરૂણભાઈ બારોટ દ્વારા ૧૦૦૦ ગરીબ બાળકો માટે દીપાવલી નિમિત્તે મીઠાઈ માટે દાન

ગાંધીનગર, તા.૨

ભારત સેવાકેન્દ્ર, ગાંધીનગરના તરૂણભાઈ બારોટ દ્વારા ૧૦૦૦ ગરીબ બાળકોને દીપાવલીની નિમિત્તે મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું. રેડીઓ-૧. FM - ૯૫ દ્વારા ચલાવવામાં આવનાર સ્માઈલ ઈનીશીયેટીવ ૩.૦ પહેલના ઉપલક્ષમાં તરૂણભાઈ બારોટ દ્વારા આ સહકાર આપવામાં આવ્યો છે.

રેડીઓ ૯૫ FM ના RJ દેવાંગ સાથે રેડીઓ-૧. FM - ૯૫ પર વાતચીતમાં તરૂણભાઈએ જણાવ્યું કે દિવાળી કે કોઈપણ તહેવારમાં ગરીબોને વસ્ત્રો કે મીઠાઈ આપવી સારું કાર્ય છે,

પરંતુ તેના દ્વારા લેનાર વ્યક્તિ કે તેનો પરિવાર એક કે બે દિવસ માટે ખુશ થશે. માટે જ, તેઓ પોતે વ્યક્તિગત રીતે માને છે કે, ગરીબ વ્યક્તિને ઉત્તમ સ્વાસ્થ્ય અને રોજગારી માટે સ્કીલની ભેંટ આપી શકીએ તો તે જીવનપર્યંત ઉપયોગમાં આવે અને તે વ્યક્તિનું આખું એક કુટુંબ આર્થિક રીતે પગભર થઈ શકે. આ માટે શ્રી બારોટની સંસ્થા ભારત સેવાકેન્દ્ર, ગાંધીનગર દ્વારા કાર્યક્રમો ચાલાવવામાં આવે છે.

ભારત સેવાકેન્દ્ર દ્વારા અત્યાર સુધીમાં ૪૦૦ થી વધુ ગરીબ પરિવારોને પ્રદુષણ રહિત ધુમાડા રહિત ચુલાઓનું વિતરણ કરવામાં આવેલ છે અને પરિણામો ઉત્સાહજનક છે. માટે તરુણભાઈ બારોટે વધુને વધુ ગરીબ પરિવારોને આનો લાભ પહોંચે તે માટે, સધ્ધર પરિવારોએ વર્ષમાં એકવાર એક ગરીબ પરિવારને આવો ચૂલો દાન કરે, એવી હાકલ કરી છે.

નિવૃત્ત થતાં શિક્ષિકાએ પોતાની શાળાને ૫૧ હજારનું દાન આપ્યું

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની નાંદરી-ચાંદીસણા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ઈસાબેન

એસ. રબારી ઉપ-શિક્ષકનો વય નિવૃત્ત વિદાય કાર્યક્રમ યોજાયો હતો. તેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત ઉનાવા ખાતેના પૂજ્ય શકરાબાપાએ પણ ઈસાબેનને શુભેચ્છા પાઠવી હતી. શાળાના સ્ટાફ દ્વારા સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યુ હતુ. આ નિવૃત્તિના પ્રસંગે ઈસાબેન એસ. રબારીએ રૂ. ૫૧ હજારનો ચેક શાળામાં દાન પેટે અર્પણ કર્યો હતો તથા તમામ શાળાના બાળકોને તિથિ ભોજન કરાવ્યુ હતુ. આ પ્રસંગે શાળાના આચાર્ય બેન કોકીલાબેન એસ. ચૌધરી તથા શાળા સ્ટાફે ઈસાબેનનું નિવૃત્તિ જીવન ખૂબ જ સસુખમય આનંદમય રીતે પસાર થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શાળાના ઉત્સાહી શિક્ષક રસિકભાઈ કે. પ્રજાપતિએ કર્યુ હતુ.